Welspun CORP

# ગુણવત્તા નીતિ

વેલસ્પન કોર્પ લિમિટેડ, ભારતનો ઉદ્દેશ્ય અમારા વેલ્ડેડ સ્ટીલ પાઇપ બિઝનેસના દરેક વિભાગમાં, પાઇપ્સ અને બેન્ડ્સ પર કોટિંગ એપ્લિકેશન્સ, હોટ ઇન્ડક્શન બેન્ડ્સ વગેરે અંગે અમારા ગ્રાહકોને નવીનીકરણ અને તકનીક દ્વારા મોહિત કરીને સર્વ વ્યાપક અને ટકાઉ વૃદ્ધિ હાંસલ કરવા માટે અમારા તમામ વ્યવસાયોમાં પ્રતિષ્ઠિત એવી અમારી વૈશ્વિક નેતૃત્વની સ્થિતિ જાળવી રાખવાનો છે.

**અમારી પ્રતિબધ્ધતાઓ :**

- લાગુ પડતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધારા ધોરણો / વિશિષ્ટતાઓની જરૂરિયાતોનું પાલન કરી, ગુણવત્તાયુક્ત ઉત્પાદનો અને સેવાઓ પહોંચાડવી ;
- ગુણવત્તા વ્યવસ્થાપન પ્રણાલી અને તકનીકની અસરકારકતામાં સતત સુધારો કરવો ;
- લાગુ પડતી વૈધાનિક અને નિયમનકારી જરૂરિયાતો સહિત અમારા ગ્રાહકોની નાનામાં નાની જરૂરિયાતો અને અપેક્ષાઓને સમજવું અને સતત સંતોષવું ;
- અમારી ગુણવત્તા વ્યવસ્થાપન પ્રણાલીઓ, પ્રક્રિયાઓ અને વ્યવહારો પ્રત્યે અમારા ગ્રાહકો અને તેમના પ્રતિનિધિઓ સમક્ષ પારદર્શિતા રાખવી ;
- શરૂઆતમાં અને દર વખતે સતત શ્રેષ્ઠ કામગીરી કરવી ;
- શ્રેષ્ઠ ટકાઉ તકનીક તથા પ્રક્રિયાઓ અને જોખમ ઘટાડવા આધારિત અભિગમના ઉપયોગને પ્રોત્સાહન આપવું;
- નવીનતા દ્વારા ઉત્પાદન, નિરીક્ષણ અને પરીક્ષણ સુવિધાઓમાં વપરાતી તકનીકોમાં સુધાર કરતા રહેવું ;
- એ સુનિશ્ચિત કરવું કે અમારી સંચાલન ટુકડીના તમામ સ્તરના સભ્યો સમસ્યાઓને રોકવા માટે, સતત સુધારણા માટે સતત તકો શોધવા અને સમગ્ર ભારતમાં વ્યવસાયિક સ્થળોએ આ નીતિને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે જવાબદાર છે;
- ગુણવત્તા વ્યવસ્થાપન પ્રણાલીમાં ફેરફારોનું આયોજન અને અમલીકરણ કરવામાં આવે ત્યારે ગુણવત્તા વ્યવસ્થાપન પ્રણાલીની અખંડિતતા જાળવવામાં આવે તેની ખાતરી કરવી;
- સંસ્થાની વ્યવસાય પ્રક્રિયામાં ગુણવત્તા વ્યવસ્થાપન પ્રણાલીની જરૂરિયાતોના એકીકરણની ખાતરી કરવી;
- ગુણવત્તા વ્યવસ્થાપન પ્રણાલી માટે જરૂરી સંસાધનો ઉપલબ્ધ હોવાની ખાતરી કરવી ;
- અમારા કર્મચારીઓના વિકાસ માટે તાલીમ આપવી ;

**અહીં દર્શાવેલ નીતિ :**

- ગુણવત્તા ઉદ્દેશોના વિકાસ માટેનો આધાર છે ;
- વેલસ્પન કોર્પ લિમિટેડના તમામ કર્મચારીઓ ને જણાવેલ, સમજાવેલ, અમલમાં મુકાવવામાં આવેલ છે ; અને
- સંબંધિત રસ ધરાવતા પક્ષોને જરૂર પડ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

તારીખ: 01 એપ્રિલ 2024

**ગોડફ્રે જોન**
મુખ્ય કાર્યકારી અધિકારી - પાઇપ વર્ટિકલ